## વિજલપોરમાં ટ્રેક પાર કરતા યુવાનનું માલગાડીની અડફેટે મોત

**વારંવાર** અકસ્માતો છતાં ફૂટ ઓવરબ્રિજ-અન્ડરપાસના પ્રશ્ને તંત્ર નિષ્ક્રિય હોવાનો આક્ષેપ

નવસારી : નવસારી નજીકના વિજલપોર વિસ્તારમાં રામનગર અને આનંદનગર ગરનાળા પાસે રેલવે ટ્રેક ઓળંગતી વખતે એક અજાણ્યા યુવાનનું માલગાડીની અડફેટે આવી ઘટનાસ્થળે જ કરુણ મોત થયું હતું. પૂરઝડપે પસાર થતી માલગાડીની ટક્કર એટલી જોરદાર હતી કે યુવાનને ગંભીર ઇજાઓ પહોંચી હતી અને તેનો ઘટનાસ્થળે જ અંત આવ્યો હતો. બનાવની જાણ થતાં જ લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મોટી સંખ્યામાં ભીડ એકત્ર થઈ ગઈ હતી. રેલવે પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહ કબ્જે લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે તેમજ મૃતકની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

વિજલપોર વિસ્તાર ઘનવસ્તી ધરાવતો હોવાથી સ્થાનિક રહિશો રોજિંદા કામકાજ, શાળા અને નોકરી માટે આવનજાવન કરતી વખતે મજબૂરીમાં રેલવે ટ્રેક ઓળંગે છે. ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર શરૂ થયા બાદ માલગાડીઓની અવરજવર નોંધપાત્ર રીતે વધી ગઈ છે, જેના કારણે જોખમ પણ વધી ગયું છે. લાંબી અને ઝડપી માલગાડીઓ અચાનક પસાર થતી હોવાથી લોકો માટે ટ્રેક પાર કરવું જીવલેણ સાબિત થઈ રહ્યું છે.

સફેદ ફૂગ, મધીયો, ઈયળ અને ફૂગ જેવા રોગો આમ્રમંજરીને નુકસાન પહોંચાડતા ખરણની સમસ્યા વધી

## અસંતલુન ઋતુથી આમ્રમંજરીને નુકસાન

**ગણદેવી** તાલુકામાં ગ્લોબલ વોર્મિંગની અસર વચ્ચે આમ્રમંજરી બચાવવા ખેડૂતોનો સંઘર્ષ

**અનિયમિત** ઠંડી, અચાનક વધતી ગરમી અને ધુમ્મસીયા વાતાવરણને કારણે પાક પર રોગચાળો ફેલાવાની ભીતિ


કેરસી બારીયા

બીલીમોરાઃ દક્ષિણ ગુજરાતનો ગણદેવી તાલુકો બાગાયતી પાક માટે જાણીતો વિસ્તાર ગણાય છે. ખાસ કરીને કેસર, આફૂસ, રાજાપુરી, લંગડો, ટોટાપુરી તેમજ દેશી કેરીઓ માટે આ પંથક દેશ-વિદેશમાં પ્રસિદ્ધ છે. દર વર્ષે ચોમાસા બાદ અહીં કેરી અને ચીકુની મોસમ ધમધમતી જોવા મળે છે, પરંતુ ચાલુ વર્ષે ગ્લોબલ વોર્મિંગ અને ઋતુચક્રમાં થયેલા અચાનક પરિવર્તનોને કારણે ખેડૂતો માટે નવી પડકારજનક પરિસ્થિતિ ઊભી થઈ છે.

ડિસેમ્બર અંતથી આંબાની કલમો પર આમ્રમંજરી (ફૂલ કલગી) દેખાવા લાગી હતી, પરંતુ અનિયમિત ઠંડી, અચાનક વધતી ગરમી અને ધુમ્મસીયા વાતાવરણને કારણે પાક પર રોગચાળો ફેલાવાની ભીતિ ઊભી થઈ છે. ખાસ કરીને સફેદ ફૂગ, મધીયો, ઈયળ અને ફૂગ જેવા રોગો આમ્રમંજરીને નુકસાન પહોંચાડતા હોવાથી ખરણની સમસ્યા વધી રહી છે. પરિણામે ખેડૂતો જંતુનાશક અને ફૂગનાશક દવાઓનો છંટકાવ કરી પાકને બચાવવા મથામણ કરી રહ્યા છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુઓનું સંતુલન બગડ્યું છે. અગાઉ જે સમયે સતત ઠંડી રહેતી હતી, ત્યાં હવે ઠંડી-ગરમીની બેવડી પરિસ્થિતિ સર્જાઈ રહી છે. દિવસ દરમિયાન તાપમાન વધે છે અને રાત્રે ઠંડી અનુભવાય છે, જેના કારણે આમ્રમંજરી પર પ્રતિકૂળ અસર પડે છે.

બાગાયતી નિષ્ણાતોનું માનવું છે કે બદલાતી આબોહવા પરિસ્થિતિમાં સમયસર દવાનો છંટકાવ, યોગ્ય સિંચાઈ વ્યવસ્થા અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવી જરૂરી બની છે. ખેડૂતો પણ વેપારી ધોરણે ફાયદાકારક ઉત્પાદન મેળવવા માટે સજાગ બની વિવિધ બગીચાઓમાં દવાનો છંટકાવ કરી રહ્યા છે. દિનપ્રતિદિન વધતા તાપમાન વચ્ચે ખેડૂતોમાં ચિંતા વ્યાપી હોવા છતાં "જગતના તાત" આશાવાદી છે કે યોગ્ય સંભાળ અને મહેનતથી સારો પાક મળી રહેશે. ગ્લોબલ વોર્મિંગની અસર સામે સંઘર્ષ કરતા આ વિસ્તારના ખેડૂતોએ ખેતીમાં નવી રીતો અપનાવી પરિસ્થિતિને અનુરૂપ બનવાની દિશામાં પગલાં લીધા છે. આવતા સમયમાં હવામાનમાં વધુ ફેરફારોને ધ્યાનમાં રાખીને ખેતીમાં વૈજ્ઞાનિક માર્ગદર્શન અને પર્યાવરણ સંરક્ષણ બંને અનિવાર્ય બન્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### તીર્થંકરોની અનુપસ્થિતિમાં આચાર્ય ભગવંત તીર્થંકર તૂલ્ય : પદ્મદર્શનસૂરિજી



નવસારી : કાનજીવાડી સ્થિત શ્રી આદિનાથ શ્વે. મૂ. પૂ. જૈન સંઘ નવસારીના નૂતન ઉપાશ્રયે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિશ્રમણ ભગવંતોની પધરામણી થઇ હતી. પૂજ્યશ્રી તા. 11 થી 19 ફેબ્રુઆરી સુધી નવસારીના વિવિધ સંઘોમાં સ્થિરતા કરી પ્રવચનપ્રસાદી પાઠવશે. આ પાવન પ્રસંગે જૈનાચાર્ય પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, તીર્થંકરોની અનુપસ્થિતિમાં આચાર્ય ભગવંત તીર્થંકર તૂલ્ય છે. જિનશાસનના રાજા તરીકે આચાર્ય ભગવંતો છે જ્યારે જ્યારે પણ જૈન શાસન ઉપર આક્રમણો આવે છે ત્યારે આચાર્ય અણનમ યોદ્ધા તરીકે ઉભરી આવે છે. આચાર્યપદ આચારનું પદ છે. આચાર્યપદ જવાબદારી અને સમજદારીનું પદ છે. સદગુરુને યોગ્ય લાગે ત્યારે સુપાત્ર શિષ્ય ઉપર શક્તિપાત કરતા હોય છે. સદાચારના દીવડા બુઝાઈ રહ્યાં છે. સદાચારના દીવડાને પુનઃ પ્રજ્વલિત કરવાની જરૂર છે.

### શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજ (આઠ ગામ) દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



વાપી : શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહમણ સમાજ (આઠ ગામ) દ્વારા સમાજના યુવાધનને પ્રોત્સાહિત કરવા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન રવિવારે સાંઇ મેઘપન સ્પોર્ટસ લાઇફ ક્રિકેટ ગ્રાઉન્ડ ટુકવાડામાં કરવામાં આવ્યું હતું. સમાજના પ્રમુખ જવાહરભાઇ પાઠક તથા ઉપપ્રમુખ રમેશભાઇ ઓઝાના હસ્તે ટુર્નામેન્ટનો શુભારંભ કરવામા આવ્યો હતો. સમાજના પ્રમુખ જવાહરભાઇ પાઠકે સમાજનું સંગઠન વધુ મજબુત બને તે માટે સૌ સ્વજનોને સમાજના દરેક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરી હતી. સમાજના મંત્રી જયોતિન્દ્રભાઇ ઓઝાએ સૌને આવકાર્યા હતાં. ટુર્નામેન્ટમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. ફાઇનલ મેચ કરમબેલી ઇલેવન અને પારડી ઇલેવન વચ્ચે રમાઇ હતી. જેમાં કરમબેલી ઇલેવનનો વિજય થયો હતો. વિજેતા ટીમને ટ્રોફી અને રૂપિયા 11000 નું રોકડ ઇનામ સમાજના પ્રમુખ જવાહરભાઇના હસ્તે આપવામા આવ્યુ હતું. જ્યારે રનર્સ અપ ટીમને ટ્રોફી અને રૂપિયા 5000 નું રોકડ ઇનામ ઉપપ્રમુખ રમેશભાઇ ઓઝાના હસ્તે આપવામા આવ્યુ હતું. મેન ઓફ ધ ટુર્નામેન્ટ અને બેસ્ટ બેટ્સમેનની ટ્રોફીઓ જયનિલ કનક જોષી (પારડી), બેસ્ટ બોલર ટ્રોફી ઉર્મિલ નયન ભટ્ટ કરમબેલી અને બેસ્ટ ફિલ્ડર ટ્રોફી જીત મયંક પંડયા પારડીને આપવામા આવી હતી. આ ટુર્નામેન્ટના દાતાઓનું શાલ ઓઢાડી સન્માન કરવામા આવ્યુ હતું. આ પ્રસંગે સરદાર ભીલાડવાલા બેંકના ડિરેક્ટર અને ગ્રાઉન્ડના માલિક દર્પણભાઇ દેસાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ, વડિલો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આભાર વિધી સમાજના મંત્રી જયોતિન્દ્રભાઇએ કરી હતી.

### બગવાડામાં સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ યોજાયો



વાપી : શ્રી ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ સમાજ દ્વારા બગવાડામાં સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતું. વિદ્વત આચાર્ય અને નિષ્ણાત કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા ઉત્કૃષ્ટ સંસ્કારનું વિધિવત સિંચન કરી સમાજના સાત બટુકને દ્વિજ બનાવ્યા હતો. જેઓ હવે આપણી વેદોક્ત પરંપરા અને ઉચ્ચ સંસ્કારોના વારસાને અવિરત આગળ વધારશે. બટૂકોનો વરઘોડો બગીમાં નીકળ્યો હતો. જેમા મોટી સંખ્યામા લોકો જોડાયા હતાં. સમાજના દાતાઓ તરફથી આ પ્રસંગે દાનની અવિરત સરવાણી વહાવી હતી. આ પ્રસંગે સમાજના પ્રમુખ જવાહરભાઇ પાઠકે સૌને આવકાર્યા હતા અને આપેલ સાથ-સહકાર બદલ સૌનો આભાર માની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી.

### દાનહની વિવિધ પંચાયતોની બેઠકોની પેટાચૂંટણીના પરિણામ

વાપી : દાદરા નગર હવેલીની વિવિધ પંચાયતની બેઠકોની પેટાચૂંટણી થઈ હતી જેના દસ બેઠકના પરિણામ જાહેર થયા છે. વાસોણા ગ્રામ પંચાયતની બેઠક-૧ ઉપર ભોયા મિનાબેન રમણભાઈનો વિજય થયો છે. જ્યારે વાસોણા ગ્રામ પંચાયતની બેઠક-૨ ઉપર સુનિતાબેન નિલેશ ધિન્દાનો વિજય થયો છે. વાસોણા ગ્રામ પંચાયતની બેઠક-૩ ઉપર ભવર રસિલાબેન પ્રફુલભાઈ બિનહરીફ વિજય થયો હતો. વાસોણા ગ્રામ પંચાયતની બેઠક-૬ ઉપર દર્શના વિક્રમભાઈ વાડુનો વિજય થયો હતો. આ જ રીતે ખાનવેલ ગ્રામ પંચાયતની બેઠક-૬ ઉપર પવાર સુરેશભાઈ બાપુભાઈ, બેઠક- ૭ ઉપર મિનાબેન કુવરાનો બિનહરીફ વિજય થયો છે. જ્યારે ખાનવેલ ગ્રામ પંચાયતની બેઠક-૮ ઉપર ઝીરવદ દિલીપભાઈ કાશીરામભાઈનો વિજય થયો હતો. ગલોન્ડા ગ્રામ પંચાયતની બેઠક-૪ ઉપર પટેલ નયનાબેન કૈલાશભાઈ વિજય થયો હતો. જ્યારે ગલોન્ડા ગ્રામ પંચાયતની બેઠક- ૭ ઉપર મનિષાબેન ખારપડિયાનો વિજય થયો હતો. રાંધા ગ્રામ પંચાયતની બેઠક-૫ ઉપર ગાવિત અનિતાબેન ચંદુભાઈનો બિનહરીફ વિજય થયો હતો.

### વાપી GIDCમાં ટ્રકની ટક્કરે આધેડનું મોત

વાપી : વાપી જીઆઈડીસી સેકન્ડ ફેઝ વિસ્તારમાં ટ્રકની ટક્કરે રાહદારી આધેડનું મોત નિપજ્યું હતું. વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ ઝારખંડ અને હાલ વાપી નજીકના છીરી, જલારામ નગરમાં રહેતા ઉત્તમ ચદ્રીકાસિંગ (ઉ.53) ગઇકાલે તા.10-2-26 ના રોજ રાત્રે સેકન્ડ ફેઝ, પંચાલ ઈન્ડસ્ટ્રીયલ કંપની સામેથી ચાલતો જતા હતાં. તે સમયે ટ્રકની અડફેટમાં આવી ગયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું સ્થળ પર જ મોત નિપજયું હતું.

### ધરમપુરની પરિણીતા પાચં વર્ષના બાળકને લઈ ઘરેથી ક્યાંક ચાલી ગઈ

ધરમપુર : ધરમપુરની પરિણીતા ઘરેથી કોઈને કહ્યા વિના 5 વર્ષના બાળકને લઈ ક્યાંક ચાલી ગઈ હતી. જે અંગેની ફરિયાદ ધરમપુર પોલીસ મથકમાં કરવામાં આવી હતી. મસ્જિદ ફળિયામાં રહેતા સિદ્દિકાબાનુ અને પાંચ વર્ષનો પુત્ર અહદ ઘરેથી ક્યાંક ચાલી ગયા છે. તેમના પતિ રઈસ અહમદ દુબઈમાં નોકરી કરે છે. ઘરે સસરા સકીલઅહમદ શેખ હતા અને તેઓ નમાઝ પઢી ઘરે આવ્યા હતા અને સાંજે ચાર વાગ્યે પુત્રવધુ અને પૌત્ર જોવા મળ્યા ન હતાં. જેથી પરિણીતાના ભાઇ તથા પિતા અને વિદેશમાં રહેતા પતિને ટેલિફોનિક જાણ કરાઇ હતી. પુત્રવધુના પિતા સાથે વલસાડ તથા સગાસંબંધીને ત્યાં તપાસ કરતા કોઇ પત્તો લાગ્યો ન હતો. આ બનાવ અંગે ધરમપુર પોલીસ મથકે સસરાએ પુત્રવધુ અને પૌત્ર ગુમ થયાની ફરિયાદ કરી હતી.

## વાપીની કંપનીના 6 કર્મીઓએ જ તાંબાની ચોરી કરી હતી

**મંગાવેલું** તાંબુ અને ઉત્પાદન થયા બાદ તાંબાના વજનમાં 18 કિ.ગ્રા.નો તફાવત જણાતા ચોરી બહાર આવી

વાપી : વાપી જીઆઈડીસીમાં આવેલી મોદીસન કંપનીમાં પ્રોડક્શન અને ક્વોલીટી ડિપાર્ટમેન્ટના 6 કર્મીઓએ તાંબાની ચોરી કરી હતી. તેઓની સામે કંપનીના એચઆર મેનેજરે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી જીઆઈડીસી, જે ટાઈપ સ્થિત મોદીસન પ્રા. લિ. કંપનીમાં એચઆર મેનેજર તરીકે રવિકુમાર કંચનલાલ માંડવાવાલા (ઉં.38, રહે. સેલવાસ, મૂળ અંકલેશ્વર) નોકરી કરે છે. કંપનીમાં ઈલેક્ટ્રીક કોન્ટેક્ટ બનાવે છે જે માટે તાંબુ અને ચાંદીની ધાતુનો ઉપયોગ કરવામાં આવે છે. ગત તા.15-1-26 થી તા.21-1-26 દરમિયાન મંગાવેલું તાંબુ અને ઉત્પાદન થયા બાદ તાંબાના વજનમાં 18 કિ.ગ્રા.નો તફાવત આવ્યો હતો. કંપનીમાં તપાસ કરતા પ્રોડક્શન ડિપાર્ટમેન્ટ તથા ક્વોલીટી ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા કર્મચારીઓ (1) શૈલેષ ઘેલાભાઈ મિસ્ત્રી (રહે. ડેસરા રોડ, બીલીમોરા) (2) જગદીશ ચીમનભાઈ પટેલ (રહે. કોચરવા, વાપી) (3) સતિષ ભગુભાઈ ડબકીયા (રહે. મોટી વહિયાળ, કપરાડા) (4) મહેન્દ્ર દત્તાત્રેય પાટીલ (રહે. સેલવાસ) (5) દિલિપ રામનિવાસ શુક્લા (રહે. એમ.પી.) અને (6) પ્રણવ જમનાદાસ સોલંકી (રહે. ઘેજ, ચીખલી)એ ઉત્પાદન સમયે તાંબાની ચોરી કરેલી હતી. ચોરી કરેલા તાંબાની ધાતુનું વજન 18 કિલોગ્રામ (કિંમત 18 હજાર) હતી. આ બનાવ અંગેની ફરિયાદ એચઆર મેનેજર રવિકુમારે વાપી ઉદ્યોગનગર પોલીસ મથકમાં કરી હતી.

### ડાંગનાં આહવા-વઘઈ માર્ગ પાસે પિકઅપ માર્ગ પર જ ઉથલી પડ્યું


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા-વઘઈ માર્ગ પર આવેલા નડગખાદી ગામ પાસે હનવતચોંડ રોડ ફાટક નજીક એક પિકઅપ વાહન પલટી જવાની ઘટના બની હતી. ચૂનાની બોરીઓ ભરીને આહવા તરફ જઈ રહેલું આ વાહન જ્યારે જોખમી ઘાટ ઉતરી રહ્યુ હતુ, ત્યારે ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન માર્ગ પર જ ઉથલી પડ્યુ હતુ. આ અકસ્માતમાં ચાલકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, પરંતુ સદનસીબે કોઈ મોટી જાનહાનિ થઈ નથી. ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પરના જોખમી ઘાટને કારણે પ્રશાસન દ્વારા માલવાહક વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને સુરક્ષા માટે પોલીસ તથા GRD જવાનો પણ તૈનાત કરાયા છે. તેમ છતાં, અનેક વાહન ચાલકો શોર્ટકટના લોભમાં આ પ્રતિબંધિત માર્ગનો ઉપયોગ કરી રહ્યા છે, જેને કારણે અકસ્માતનો ભય સતત તોળાતો રહે છે. સ્થાનિક લોકોએ હવે નિયમોનું ઉલ્લંઘન કરતા ચાલકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## દમણના પાતલીયા બ્રિજ પર ટ્રક સાથેના અકસ્માતમાં બાઈક સવારનું મોત

દમણ : સંઘપ્રદેશ દમણના પાતલીયા પૂલ પર આજરોજ બપોરે 3:30 થી 4:00 કલાકની આસપાસ ટ્રક અને બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક 70 વર્ષીય આધેડનું કરૂણ મોત નિપજવા પામ્યું હતું. મળેલી માહિતી મુજબ બુધવારના રોજ દમણના પાતલીયા પુલ પરથી પારડી તાલુકાના રોહિણા ગામમાં રહેતા રેલવા વેસ્તાભાઈ પટેલ (ઉં.આ. 70) તેમની હીરો હોન્ડા સ્પ્લેન્ડર નંબર GJ-26-B-7831 લઈને પાતલીયા પૂલ પરથી પસાર થઈ રહ્યા હતાં. આ દરમ્યાન ટ્રક નંબર RJ-52-GB-3104 ના ચાલકે ગફલતભરી રીતે ટ્રકને હંકારતા બાઈક સવાર રેવલાભાઈને અડફેટે લેતા બાઇક સીધી ટ્રકની નીચે ફંગોળાતા રેલવાભાઈના માથા પરથી ટ્રકનું ટાયર ફરી વળતા તેમનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજવા પામ્યું હતું. બનાવની જાણ દમણ પોલીસને થતાં તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મૃતક આધેડના શરીરને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલમાં મોકલવાની કાર્યવાહી કરી હતી. આ મામલે અકસ્માતનો ગુનો દાખલ કરી ટ્રકના ડ્રાઈવરની અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## લગ્નના ફોટા સિલેક્શન બાબતે પરિવારને ફટકારાયો

**વલસાડમાં** અનેક વખત ફોટો સિલેક્ટ કરવા કહ્યું પરંતુ ફોટો સિલેક્ટ ન કર્યા અને પછી મામલો બિચક્યો

વલસાડ : વલસાડના મોગરાવાડીમાં રહેતા એક ફોટોગ્રાફરે પારડીમાં રહેતા એક પરિવારને ત્યાં લગ્નમાં ફોટોગ્રાફી કરી હતી. આ ફોટોગ્રાફી વર્ષ 2023માં થઈ હતી. જેને 2 વર્ષ વીતી જવા છતાં ફોટો સિલેક્શનના મુદ્દે રકઝક થતી હતી. આ મામલો એટલો ગરમાયો કે ફોટોગ્રાફરના પરિવારને વલસાડ મોગરાવાડી પાસે આંતરી આખા પરિવારને માર મરાયો હતો. જેનો વિડીયો વાઈરલ પણ થયો હતો અને મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડના મોગરાવાડી પ્રમુખ ગ્રીન સોસાયટીમાં રહેતા મેહુલ હરીશભાઈ પટેલે વર્ષ 2023માં પારડી દમણીઝાંપા વિસ્તારમાં રહેતા વિમલકુમાર શૈલેષભાઈ નાયરના નાના ભાઈના લગ્નનો કોન્ટ્રાક્ટ લીધો હતો. લગ્ન બાદ કયા ફોટો આલ્બમ માટે સિલેક્ટ કરવા એ માટે તે અનેક વખત તેમના ઘરે ગયો હતો, પરંતુ ફોટા સિલેક્ટ થઈ શક્યા ન હતાં. જેના માટે લાંબો સમય નિકળી ગયો હતો. ત્યારબાદ ફોટા વધુ સિલેક્ટ થતાં મામલો વધારે પૈસાના મુદ્દે ગરમાયો હતો. જેને લઈ બંને વચ્ચે વિખવાદ ચાલી રહ્યો હતો. આ દરમિયાન ગત 5 મી ફેબ્રુઆરીએ મેહુલ તેના ભાઈ-ભાભી અને ભાઈના સાસુ-સસરા સાથે કારમાં જઈ રહ્યો હતો. ત્યારે ગીરીરાજ હોટેલથી અંદર જતા રોડ પર રૂની ફેક્ટરી પાસે વિમલકુમાર શૈલેષભાઈ નાયર, કેતન દિલીપભાઈ હળપતિ, રોહન અને ચેતને મળી તેમની કાર અટકાવી અને તેમને માર માર્યો હતો. આ લડાઈમાં વચ્ચે પડેલા ભાભીને પણ માર મરાયો હતો. જેને લઈ મામલો ગરમાયો હતો. આ બનાવ સંદર્ભે મેહુલના ભાઈ ઉમેશે વલસાડ સિટી પોલીસ મથકે ફરિયાદ કરતા પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## દમણ પ્રશાસનમાં ફરજ બજાવતા એક LDC યુવાને ફાંસો ખાધો

દમણઃ દમણ સબજેલમાં ફરજ બજાવતા નાની દમણ દિલીપ નગરમાં રહેતા દર્પણભાઈ બામણીયાએ મંગળવારના રોજ બપોરે 3 કલાકની આસપાસ પોતાના ઘરના રૂમમાં પંખાના હુક સાથે દુપટ્ટાથી ગળે ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું હતું. ઘટના સ્થળે પહોંચી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલમાં મોકલવાની કાર્યવાહી કરી હતી. જો કે, મૃતકે ક્યા કારણથી આ પ્રમાણેનું પગલું ભરી જીવન ટૂંકાવી દીધું હતું એ અંગે હાલ કોઈ પણ પ્રકારની જાણકારી મળવા પામી નથી. પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પૈસા બાબતે વાપીના ભંગારવાળાને કારમાં બંધક બનાવી ફટકારાયો

**ભીલાડ** સાહિલ હોટલ પાસેથી કારમાં ભંગારવાળાને બેસાડી લઈ ગયેલા ચાર સામે ફરિયાદ

**મિત્રના** બહાને બોલાવી કારમાં જ બંધક બનાવી સીટ બેલ્ટથી બાંધીને લાકડાના ડંડા વડે હુમલો કરાયો

ઉમરગામ : વાપી સ્ટેશન રોડ પર રહેતા અને ભંગારનો વ્યવસાય કરતા નિષાર ચાંદ મહમદ મનિહારને મિત્રનો ફોન આવ્યો હતો. મિત્રને લેવા માટે નિષાર પોતાની કાર લઈને ભીલાડની સાહિલ હોટલ પાસે પહોંચ્યો ત્યારે ત્યાં હાજર શાહરૂખ ઉર્ફે ચાકુ, છોટુ શાહ અને અબ્દુલ્લા ઉર્ફે બીડી નામના શખ્સોએ તેની કારની ચાવી લઈ તેની જ કારમાં બેસાડી કરમબેલા રેલવે ઓવરબ્રિજ તરફ લઈ ગયા હતા. રસ્તામાં શાહરૂખે હથિયાર વડે કારનો સીટ બેલ્ટ કાપી તેનાથી નિષારને બાંધી દીધો હતો. ત્યારબાદ તેને રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં લઈ જઈ સીટ બેલ્ટ, લાકડાના ડંડા અને કમરના પટ્ટા વડે બેરહેમીથી માર માર્યો હતો. આ હુમલામાં રાજેશ મોર્યા નામનો વ્યક્તિ પણ સામેલ હતો, જેણે નિષારને સરીગામ ગૌશાળા પાસે લઈ જવા સૂચના આપી હતી.

મારપીટને કારણે નિષારની તબિયત લથડતા તેને ખાનગી ક્લિનિકમાં સારવાર અપાવી પરત ગૌશાળા પાસે લાવવામાં આવ્યો હતો. આ દરમિયાન નિષારના પરિચિતો ત્યાંથી પસાર થતા તેણે બૂમાબૂમ કરી હતી. અંતે, જો પોલીસ ફરિયાદ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. નિષારે રાજેશ મોર્યા પાસેથી 3.50 લાખ ઉછીના લીધા હતા, જેમાંથી 3 લાખ ચૂકવી દીધા હતા. બાકીના 50 હજારની અદાવતમાં આ હુમલો કરાયો હતો. ભીલાડ પોલીસે છોટુ શાહ, શાહરૂખ, અબ્દુલ્લા અને રાજેશ મોર્યા વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ખોદ્યો ડુંગર અને નિકળ્યો ઉંદરની કહેવત જુદા અર્થમાં સાર્થક બની

## વલસાડમાં નવજાત શિશુ મળ્યાની અફવાથી પોલીસ દોડતી થઈ

**પોટલું** ખોલી જોયું તો નવજાત શિશુ નહીં, પરંતુ મૃત બિલાડી જોવા મળી



વલસાડ : ખોદ્યો ડુંગર અને નિકળ્યો ઉંદરની કહેવત જુદા અર્થમાં સાર્થક બની છે. જેમાં પોટલી ખોલી અને નિકળી બિલાડીની ઘટના બની છે.

વલસાડના બાવડાના મેદાનમાં નવજાત શિશુ મળ્યું હોવાની અફવાએ જોર પકડ્યું પરંતુ પોલીસે ત્યાં જઈને જોતાં નવજાત શિશુ નહીં, પરંતુ મૃત બિલાડી જોવા મળી હતી. વલસાડના હનુમાન ભાગડા નજીક આવેલા બાવડાના મેદાનમાં કોઈ મૃત બિલાડીને પોટલામાં બાંધી મૂકી ગયું હતું. ત્યારે આ પોટલામાં નવજાત શિશુ હોવાની અફવા ચાલી હતી. જેને લઈ મોટી સંખ્યામાં ત્યાં લોકો એકત્ર થઈ ગયા હતાં. સરપંચ પણ પહોંચી ગયા હતા અને પોલીસ પણ આવી ગઈ હતી. જોકે, પોલીસે પોટલું ખોલીને જોતાં મૃત બિલાડી જોવા મળી હતી. કોઈ પોતાની પાલતું બિલાડીના મોત બાદ તેને મૂકી ગયું હોય એવું પ્રાથમિક દ્રષ્ટીએ જણાઈ આવ્યું હતું. આ ઘટના બાદ પોલીસે હાશકારો અનુભવ્યો હતો.